
## વડીલોને વંદન
## અભિનંદન



હેમેન્દ્ર અ. ભટ્ટ
(૧૯૫૨)ફોનઃ૨૩૨૩૦૧૩૫



લાયોનેસ કલબના સહયોગથી સરકારી વાણિજય કોલેજ ખાતે થેલેસેમીયા અવેરનેસ કાર્યક્રમ યોજાઈ ગયો. શહેરનાં જાણીતા ડોકટર ગુંજન જૈન દ્વારા કોલેજનાં વિદ્યાર્થીઓને સમજણ આપવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજના આચાર્ય દેસાઈ સાહેબ, લાયોનેસ પ્રમુખ ચંદા યાદવ, સહયોગ મંડળના ભગુભાઈ પટેલ જાણીતા સમાજસેવક સુકેતુ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

# ધો-૨ના વિદ્યાર્થીએ મિત્રના ગુદાના ભાગે પેન્સિલ ઘુસાડી દીધી..!

### બંને બાળકો વચ્ચેની રમતીયાળ તકરારે ઉગ્ર સ્વરૂપ લીધું : ઓપરેશન કરીને અડધી ઘુસી ગયેલી પેન્સિલ બહાર નિકાળી



ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરની એક શાળામાં ધોરણ-૨માં અભ્યાસ કરતાં બે વિદ્યાર્થી મિત્રો વચ્ચેની રમતિયાળ તકરારે ખુબ જ ભયંકર સ્વરૂપ લઈ લીધું હતું. ધો-૨ના વિદ્યાર્થીએ તેના મિત્રના ગુદાથી સામાન્ય નીચેના ભાગે અડધો અડધ પેન્સિલ ઘુસાડી દેતા મામલો ગંભીર બન્યો હતો. તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલા બાળકને તબીબોએ ઓપરેશન થિયેટરમાં લઈ જઈને ઓપરશન કરી પેન્સિલ બહાર કાઢી હતી.

નજીવી બાબતમાં ધો-૨માં એક સાથે અભ્યાસ કરતાં બે વિદ્યાર્થીઓ વચ્ચે રમત રમતમાં તકરાર થઈ હતી. આ તકરાર બાદ એક વિદ્યાર્થીએ તેની સાથે જ ધો-૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીના ગુદાના નીચેના ભાગે પેન્સિલ ઘુસાડી દીધી હતી. ગંભીર હાલતમાં ઘાયલ વિદ્યાર્થીને તાત્કાલિક શાળામાંથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. ડીઝીટલ એકસરે પાડીને તબીબોએ પરીક્ષણ કરતાં ગુદા માર્ગની બાજુના ભાગે ૧૦ સે.મી. અંદર પેન્સિલ ઘુસી ગઈ હોવાનું જાણવા મળતા તાત્કાલિક ડૉ. જયેશ ગોહિલ, ડૉ. વિક્રમ ઓઝા તથા ઓ.ટી. આસિસ્ટન્ટ ચંદ્રેશ રાઠોડ સહિતની ટીમે મળીને સફળ ઓપરેશન કરીને પેન્સિલ બહાર કાઢી લીધી હતી.

## વસંતકુંવરબા પ્રાથમિક શાળામાં ભજનસ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૭

બા શ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલયના સ્થાપક પૂ.શ્રી નટવરસિંહજી સોલંકીના જન્મ શતાબ્દી વર્ષ અંતર્ગત ભજનસ્પર્ધા યોજવામાં આવી હતી. ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ સારા ભજન ગાયા હતા અને વાતાવરણને ભક્તિમય બનાવેલ હતું. બાળકોના કંઠે સુમધુરમાં ગવાતા ભજનોએ બધાને લીન બનાવી દીધા હતા. પ્રથમ નંબરે શિલ્પા બારોટ, દ્વિતીય નંબરે પટેલ પ્રિયલ અને તૃતીય નંબરે વાઘેલા રિદ્ધિ આવ્યા હતા. આચાર્યશ્રી રીટાબેન બિહોલાએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

## પી.કે. ચૌધરી મહિલા કોલેજમાં 'બેટી બચાવો' પર યોજાયેલ વ્યાખ્યાન

ગાંધીનગર, તા.૨૭

પી.કે. ચૌધરી મહિલા કોલેજના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા 'બેટી બચાવો' વિષય ઉપર તજજ્ઞ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ગીર ફાઉન્ડેશનના શ્રી અમૃતભાઈ પટેલે સ્ત્રી ભૃણહત્યા, દુધપીતી પ્રથા, સતી પ્રથા, લિંગ અસમાનતા, સ્ત્રીઓનું સમાજમાં સ્થાન વગેરે અંગે વિસ્તૃત માહિતી ફિલ્મ દ્વારા સમજાવી હતી અને જાણકારી આપી હતી. લિંગ અસમાનતાથી ભવિષ્યમાં કુટુંબ, સમાજ અને રાજય-દેશ પર થનારી અસરો અંગે ચર્ચા કરી સમજુતી આપી હતી. વિદ્યાર્થીનીઓએ પ્રશ્નોત્તરી કરી માર્ગદર્શન મેળવ્યું હતું. સમાજશાસ્ત્ર વિષયના પ્રા. સોનલ મોદી દ્વારા વ્યાખ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના આચાર્યાશ્રી ડૉ. ઉર્મિલાબેન ચૌધરીનો સંપૂર્ણ સહકાર સાંપડયો હતો.

# સુરેન્દ્રનગર અને પાટણમાંથી શંકાસ્પદ ઘી અને તેલનો જથ્થો જપ્ત કરાયો

### શંકાસ્પદ નમૂનાઓ તપાસ અર્થે પ્રયોગશાળામાં મોકલી દેવાયા

ગાંધીનગર, તા.૨૭

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા પાટણ અને સુરેન્દ્રનગરમાં બજારમાં તપાસ હાથ ધરી ભેળસેળયુકત ઘી અને સીંગતેલના નમૂના લઈ રૂ. ૧.૮૩ લાખનો મુદ્દામાલ કબજે લેવાયો છે. તંત્રએ આ નમૂના ચકાસણી અર્થે પ્રયોગશાળામાં મોકલી દીધા છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉ. એચ.જી. કોશિયાના જણાવ્યા મુજબ રાજયમાં ખાદ્ય ખોરાકમાં થતી ભેળસેળ રોકવા માટે આ તંત્રના ફુડ સેફટી ઓફિસર દ્વારા સમયાંતરે સઘન તપાસ કરવામાં આવે છે. તંત્રને માહિતી મળતા વડી કચેરીના સિનિયર ફુડ સેફટી ઓફિસર તથા ફુડ સેફટી ઓફિસર દ્વારા પાટણમાં આવેલ ઘી બજાર ખાતે દિપેશકુમાર કિશોરલાલ ઘીવાળા, મોદી મણીલાલ જેઠાલાલ, મોદી કમલેશકુમાર સેવંતીલાલ અને મોદી ઈશ્વરલાલ રસિકલાલ દ્વારા વેચાણ થતાં શંકાસ્પદ ગુણવત્તા ધરાવતા ઘી (લુઝ)ના કુલ ચાર નમૂનાઓ લઈ બાકી રહેલ ૪૦૭.૨ કિલોગ્રામ ઘીનો જથ્થો જપ્ત કર્યો હતો. જેની અંદાજીત કિંમત રૂ. ૧,૫૩,૬૬૪ છે. આ ઉપરાંત સુરેન્દ્રનગર ખાતેના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારી દ્વારા અંજલિ ટ્રેડીંગ કંપની મહેતા માર્કેટમાંથી શંકાસ્પદ ગુણવત્તા જણાતા કેસર બ્રાન્ડ સીંગતેલ કે જેના ઉત્પાદક ઓમ શિવ ઈન્ડસ્ટ્રીઝ, ભોજપુરા, ગોંડલ છે. તેમાંથી સંગતેલનો નમૂનો પણ લેવામાં આવ્યો હતો. બાકીના ૨૦ ડબ્બા ૧૫ કિલોના જપ્ત કર્યા હતા. જેની અંદાજિત કિંમત રૂ. ૩૦,૦૦૦ થાય છે. આ નમૂનાઓ ચકાસણી અર્થે પ્રયોગશાળામાં મોકલી આપ્યા છે. આ નમૂનાઓનું પરિણામ આવ્યા બાદ આગળની કાયદાકીય કાર્યવાહી કસૂરવારો સામે હાથ ધરવામાં આવશે તેમ પણ તેમણે જણાવ્યું છે.

## સે. ૧૪માં ગણેશ મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૭

ભગવાન ગણેશજીનો અવસર એટલે ગણેશોત્સવ નગરમાં ઠેર ઠેર ગણેત્સવની ધામધૂમપૂર્વક ગણેશ યુવક મંડળ દ્વારા પંચમ સાર્વજનિક ગણેશ મહોત્સવ-૨૦૧૪ ની ઉજવણી કરવામાં આવશે. ત્યારે સેક્ટર-૧૪ શોપીંગ સેન્ટર સામેના મેદાનમાં ગણેશજીનું સ્થાપન તા. ૨૯ ઓગસ્ટના રોજ કરવામાં આવશે અને વિસર્જન તા. ૨ સપ્ટેમ્બરના દિવસે કરવામાં આવશે.

ગણેશજીની સ્થાપનાના દિવસે સેક્ટર-૧૪માં નગરયાત્રા કરવામાં આવશે. દરરોજ સવારે અને સાંજે ૮.૦૦ વાગે દુંદાળા દેવની આરતી કરવામાં આવશે.



લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા સેકટર-૧૬માં આવેલ શ્રધ્ધાદીપ ગ્રીન ક્રોસ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવ્યો હતો. રકતદાન કેમ્પમાં લાયોનેસ કલબના પ્રમુખ ચંદાબેન યાદવ, ડિમ્પલ, ભાવનાબેન પટેલ, પૂર્વ પ્રમુખ અરુણાબેન ગજ્જર સહીતના કાર્યકરોએ મોટી સંખ્યામાં રકતદાન કર્યું હતું.

# મોરબી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ બ્રિજેશ મેરઝાનું કોંગ્રેસમાંથી રાજીનામુ

ગાંધીનગર, તા. ૨૭

પેટા ચૂંટણીઓ પૂર્વે જ મોરબી જિલ્લા કોંગ્રેસ પ્રમુખે રાજીનામુ આપતાં કોંગ્રેસને ઝટકો લાગવા પામ્યો છે.

રાજકોટ જિલ્લાની ટંકારા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે કોંગ્રેસ પક્ષ દ્વારા દિલીપાઈ સરડવાને ઉમેદવાર તરીકે જાહેર કર્યા બાદ મોવડીમંડળે નિર્ણય ફેરવી તોળીને તેમના સ્થાને નવા ઉમેદવારના નામની જાહેરાત કરતાં મોરબી તાલુકા કોંગ્રેસના આગેવાનોમાં નારાજગી સાથે નેતાગીરી સામે રોષ ઉઠવા પામ્યો હતો.

ટંકારાના ઉમેદવાર બદલવામાં આવતાં નેતાગીરીથી નારાજ થઈને મોરબી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ બ્રિજેશ મેરઝા અને દિલીપ સરવડાએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપી પક્ષને રામ રામ કરીને ભાજપમાં જોડાઈ ગયા છે.

આમ વિધાનસભાની પેટા ચૂંટણીઓ પૂર્વે જ ઉમેદવાર પસંદગીને લઈને કોંગ્રેસ પક્ષમાં અસંતોષનો ચરૂ ઉઠવા પામ્યો છે. આજે મોરબી જિલ્લા કોંગ્રેસ પ્રમુખે કોંગ્રેસમાંથી રાજીનામુ આપીને ભાજપમાં જોડાઈ જતાં કોંગ્રેસને ઝટકો લાગવા પામ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હજુ થોડા દિવસ અગાઉ જ છોટાઉદેપુર નગરપાલિકાના પાંચ સભ્યો કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાઈ જતાં કોંગ્રેસે નગરપાલિકામાંથી સત્તા ગુમાવવી પડી હતી.



સમાજમાં પોલીસની ભૂમિકા સામાન્ય માનવોની નજીક આવે તે હેતુસર સેકટર-૨૨ સ્થિત મહિલા સિવણ વર્ગ ખાતે અને સેકટર-૬-બી ખાતે બહેનોને સમજણ આપતાં બે કાર્યક્રમ યોજાઈ ગયા. પોલીસ અને પ્રજા વચ્ચેના સેતુ તરીકે કામગીરીમાં જોડાવા માટેની અપીલ કરતો આ કાર્યક્રમ પોલીસ ઈન્સ્પેકટર મીની જોસેફ મેડમ અને પીએસઆઈ ચૌધરી મેડમ દ્વારા આપવામાં આવ્યો હતો. જેના આયોજનમાં જી.ઈ. કલબનો સાથ સહકાર મળ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

# મોડાસા તાલુકાના શિણોલ ગામે આવેલ કાલંજર મહાદેવના પ્રાચીન મંદિરને પ્રવાસનધામ તરીકે વિકસાવવા માંગ


### માઝુમ નદીના પટમાં આવેલુ આ ત્રણ શિવલીગ ધરાવતુ મંદિર

મોડાસા, તા.૨૭

અરવલ્લી જીલ્લા ના મોડાસા તાલુકા ના ખાતે આવેલ ૩શિવલીગ વાળુ એક પ્રાચીન મંદિર આવેલુ છે. આ મંદિર એટલુ પુરાણુ છે કે તેનો ઈતિહાસ કોઈ ની પાસે નથી.

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકા ના શિણોલ ગામે કાલેજર મહાદેવ નુ વર્ષો જુનુ મંદીર આવેલુ છે. આ મંદિર માં આજુબાજુ ના ગામના કેટલાય લોકોક દર્શન કરવા આવે છે. માઝુમ નદિના કિનારે આ મંદિર આવેલુ છે અને બહુ જ પ્રાચિન મંદિર હોવાને કારણે આ ગામના ગ્રામજનો દ્વારા આ મંદિર ને પ્રવાસનધામ તરીકે વિકસાવવા માંગ કરવામાં આવી રહી છે. જો આ પ્રાચીન મંદિર ને સરકાર દ્વારા પ્રવાસનધામ તરીકે જાહેર કરવામાં આવે તો આ મંદિર નો સારો એવો વિકાસ થાય તેમ છે.અને વધારે લોકો આ મંદિર માં દર્શન કરવા આવે અને આ મંદિર નો લાભ લે.

આ મંદિર માં લોકો ની અપાર શ્રદ્ધા રહેલી છે. જેથી કેટલાય ભકતો વર્ષો થી અહિ પૂજાઅર્ચના કરવામાટે નિયમીત રીતે આવે છે. અને પોતાની અપાર શ્રદ્ધા બતાવે છે. સાથે દર્શનાર્થીઓ પોતાની માનતા પણ માને છે. અને માનતા પુરી થતા જ લોકો માનતા પુરી કરે છે. જયારે શિતળા સાતમ અને અમાસના ના દિવસે પણ આ મંદિરે મોટો મેળો પણ ભરાય છે ત્યારે ગ્રામજનો હાલ તો આ મંદીર ને પ્રવાસનધામ તરીકે વિકસાવવા માટે સરકા સમક્ષ લેખીત અને મૌખીક રજુઆતો કરવામાં આવી છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## શબ્દાવલી - ૫૪૮૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ■ | ■ | ૩ | ૪ |
| | ■ | ■ | ૫ | | ૬ | | |
| ૭ | | ૮ | ■ | ■ | | ■ | |
| | ■ | ૯ | ૧૦ | ૧૧ | | ■ | ■ |
| ■ | ૧૨ | | | | ■ | ૧૩ | ■ |
| ૧૪ | | | ■ | ■ | ૧૫ | | ૧૬ |
| | ■ | ■ | ૧૭ | | | | |
| ૧૮ | | | | ■ | | ■ | |

### આડી ચાવી

૧. પોતાની ઉપર વીત્યું હોય તેને જાત... કહેવાય (૪)
૩. બહુ વરસાદ પછી નદીમાં... આવે (૨)
૫. ખળભળી જવું તે (૫)
૭. ગુલ્લી મારવી, ... મારવી (૩)
૯. બિરદાવવું, સન્માનવું (૪)
૧૨. બહુ સુગ ચડતી હોય તેવું (૪)
૧૪. અંતિમ, છેલ્લું (૩)
૧૫. પાસુ, કરવટ (૩)
૧૭. વેરણ-છેરણ (૫)
૧૮. મહેમાનોની સરભરા કરનાર ઘરધણી (૪)

### ઊભી ચાવી

૧. ઓલિયો, સંસારનો મોહ ના હોય તેવો (૪)
૨. ઝેર (૨)
૩. ખડના ભારા, કડપના ભારા (૨)
૪. રટવું તે, ... કરવું (૩)
૬. ભરવાની, ક્રિયા કરવી તે(૩)
૮. તણખો, તિખારો (૪)
૧૦. કેશ, મોવાળા (૨)
૧૧. જવાની ક્રિયા (૨)
૧૨. દુઃખ શબ્દનો વિરોધી શબ્દ (૨)
૧૩. જોડે, સાથે (૩)
૧૪. ભાવાર્થ, તાત્પર્ય (૩)
૧૫. પાક, પાવન (૩)
૧૬. ચેર, બેસવાની સીટ (૩)
૧૭. જીદ્દ કરવી, ... કરવું (૨)

### શબ્દાવલી ૫૪૮૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) ચાંદની (૪) ન્યોછાવર (૭) પરત (૮) વર (૯) પાણીદાર (૧૧) તુકારો (૧૩) નથ (૧૬) વળગણ (૧૭) પવિત્રા (૧૮) ગાબડા (૧૮) ગાબડા (૧૯) અવાવરૂ (૨૦) કતલ

**ઊભી ચાવી :-** (૧) ચાંપલુસી (૨) દર (૩) નીત (૫) છાવણી (૬) વરદાન (૯) પારો (૧૦) રથયાત્રા (૧૨) કામણગારૂ (૧૪) પળવળા (૧૫) લપડાક

## ભાગીદાર બનવાનું

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સશક્તિકરણ તથા નોલેજ શેરીંગ નેટવર્કીંગ ક્ષેત્રો ઉપર ફળદાયી વિચાર-વિમર્શ થશે જે સરવાળે ગુજરાતની રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય વિકાસ સિદ્ધને વધુ ઉન્નત સ્તરે લઈ જશે તેમ જેમણે જણાવ્યું હતું. આનંદીબેન પટેલે કહ્યું કે ગુજરાતમાં એક એવી સંપૂર્ણ ઈકો સીસ્ટમનું નિર્માણ કરવામાં આવ્યું છે કે ઉદ્યોગ મૈત્રીપૂર્ણ અને રોકાણો માટે સાનુકુળ માહોલ ગુજરાતમાં ઉભો થયો છે. આ સંદર્ભમાં તેમણે આવશ્યક માળખાકીય સુવિધાઓનું નિર્માણ, કુશળ માનવસંશાધન અને ધિરાણ સહાય માટેના નેટવર્કીંગના દ્રષ્ટાંતો આપ્યા હતા. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ નોલેજ શેરીંગ તેમજ સોશિયલ અને બિઝનેસ ટ્રાન્સફોર્મેશનનું વિશ્વવ્યાપી પ્લેટફોર્મ પુરુ પાડતું સક્ષમ માધ્યમ બની છે તેની વિગતો આપતાં તેમણે કહ્યું કે ગુજરાત ગ્લોબલ બિઝનેસ સબ તરીકે પ્રસ્થાપિત થયું છે. સ્વાસ્થ્ય, શિક્ષણ, મહિલા સશક્તિકરણ જેવા સામાજિક ક્ષેત્રો તેમજ નવીનીકરણ અને ક્લાઈમેટ ચેન્જ જેવા વિશિષ્ટ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી માટેના રાજ્ય સરકારના આયોજનોની ભૂમિકા તેમણે આપી હતી. એમએલએમઈ ક્ષેત્ર માટે ગુજરાતે કરેલી ઉલ્લેખનીય પ્રગતિ અને કામગીરીનો તેમણે વિશેષ ઉલ્લેખ કર્યો હતો. આનંદીબેને ગુજરાતની વૈશ્વિક વિકાસયાત્રામાં દેશ વિદેશના મળી રહેલા અપ્રતિમ પ્રતિસાદ અને સહકારને પરિણામે આજે ભારતના જીડીપીમાં ૭.૫ ટકાથી વધારે હિસ્સો ગુજરાત ધરાવે છે તેનો હર્ષ વ્યક્ત કર્યો હતો, તેમણે દેશની ફિક્સ કેપીટલમાં ૧૮ ટકા અને દેશની કુલ નિકાસના ૨૫ ટકા યોગદાન સાથે ગુજરાત ભારતના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવનારું રાજ્ય બન્યું છે તેમ પણ ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ અગ્રગણ્ય ઉદ્યોગ સંચાલકો અને વિદેશી મહાનુભાવો સાથે વન-ટુ-વન બેઠકોનો ઉપક્રમ પણ યોજ્યો હતો. આ વન ટુ વન બેઠકમાં મારૂતી, સુઝુકી, મિત્સુબીસી કોર્પોરેશન, મોઝરબેયર હિન્દુસ્તાન પાવર પ્રોજેક્ટ, હોન્ડા મોટર-સાયકલ એન્ડ સ્કુટર્સ ઈન્ડિયા લીમીટેડ, ઓએનજીસી, ભેલ, ગેઈલ, હીરો મોટોકોર્પ અને હોન્ડાકાર્સ ઈન્ડિયા લીમીટેડ તેમજ ડીસીએમ શ્રીરામ લીમીટેડના સીઈઓ અને મેનેજીંગ ડિરેક્ટર મુખ્યમંત્રીને મળ્યા હતા.

## પ્રવેશ મેળવવાનું મુશ્કેલ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. વધુમાં ગાંધીનગરના વિદ્યાર્થીઓને અમદાવાદની કોલેજોમાં ડીસ્ટ્રીક્ટ કોટાની સીટોનો લાભ પણ મળતો નથી. ત્યારે અમદાવાદ-ગાંધીનગરના વિદ્યાર્થીઓને એક સમાન ગણી નીતિ નક્કી કરવા પણ માગં ઉઠવા પામી છે. રાજ્યના પાટનગરમાં જ વિજ્ઞાન પ્રવાહની કોલેજમાં અંગ્રેજી મીડીયમ ઉપલબ્ધ ન હોવાથી વિદ્યાર્થીઓએ અમદાવાદ સુધી લાંબા થવાની ફરજ પડે છે.

## મેદાનમાં ઉતાર્યા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

તો બીજુ ભાજપે પણ તળાજા વિધાનસભા બેઠક પરથી આ બેઠક પરના પૂર્વ ધારાસભ્ય શિવાભાઈ ગોહીલને ચૂંટણી જંગમાં મેદાનમાં ઉતાર્યા છે.

આમ આ પેટા ચૂંટણી જંગમાં મેદાનમાં આ બન્ને પૂર્વ ધારાસભ્યો પોતાના ભાવી અજમાવી રહ્યા છે.

## પ્રશંસા મેળવી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મુલાકાત લઈ આવ્યા હતા. આ વિદેશી બાળકો ગાંધીનગરનાં પરિવારોમાં ૧ વર્ષ માટે રાખવામાં આવે છે અને તેમને સંપૂર્ણ પારિવારીક વાતાવરણ મળી રહે તે ધ્યાન રખાય છે. જેના નયી ભારતીય પરંપરા વસુદેવં કુટુંબકની ભાવના વિશે ખ્યાલ આવે છે.'

આ વર્ષે (૧) જોડોન સીતયુ (ઈન્ડોનેશીયા) (૨) એસેન્દ્રો જીનોની (ઈટાલી), (૩) ડેનીયલ હેરીસ (યુ.એસ.) એણ.બી. પટેલ વિદ્યાલયમાં ધોરણ-૧૧માં અભ્યાસ કરી રહ્યા છે. અહીં આ ત્રણેય યુવકોને શાળાનાં યનિફોર્મમાં ભણવાની મજા આવે છે. અહીં રોજે રોજ અલગ અલગ વિષય ભણાવવાની પદ્ધતિ તેમને સૌથી વધુ ગમે છે. શિક્ષકોનો પ્રેમાળ વર્તાવ અને સૌને એક લાઈનથી રહેવાની શીસ્તતા તેઓને પ્રભાવિત કરી ગઈ છે. હજુ બે મહીના જેટલો જ સમય થયો હતો. ભોજનમાં ખીચડી, કઢી, સમોસા, ઢોકળા ખાવાનાં શોખીન થઈ ગયા છે. આશ્ચર્યની વાત તો એ છે કે જ્યાં સુધી ભારતમાં છીએ ત્યાં સુધી ફક્ત વેજીટેરીયન ખોરાક જ પસંદ કરશે.

ખૂબ જ ટુંકા ગાળામાં થોડુ ઘણું ગુજરાતી શીખી જનાર આ ત્રણેય યુવકોમાંના જોડૉન સીતયુએ સંસ્કૃત અને હિન્દી ભાષા પર સારૂ પ્રભુત્વ પ્રાપ્ત કર્યુ છે. જેને કારણે ભારતવિકાસ પરિષદ દ્વારા યોજાયેલ સમુહગાન સ્પર્ધામાં વિજેતા થનાર આખા ગૃપને એમ. બી. પટેલ વિદ્યાલય અને કડી સર્વ વિશ્વ વિદ્યાલય અભિનંદન પાઠવે છે.

**ટચૂકડી જાહેર ખબર**

**ડુપ્લેક્ષ વેચવાનું છે**

પેથાપુરથી ગાંધીનગર મેઈન રોડથી ૭૦ મીટરના અંતરે, ફુલ્લી ફર્નિચર સાથે, બે રસોડા, છ-રૂમ, એક કેબીન

સંપર્ક : ૯૭૧૪૧૦૯૧૦૮

**ગુજરાત મેરીટાઈમ બોર્ડ**

**ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા નં. ૨ / ૨૦૧૪-૧૫**

કાર્યપાલક ઈજનેર (બાં) ઈજનેર વિભાગ-૨, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, એરફોર્સ સામે, સેક્ટર-૧૦-એ, 'સાગર ભવન', ગાંધીનગર (ફોન નં. ૨૩૨૩૮૩૪૬) દ્વારા નીચેના કામો માટે ઓનલાઈન ભાવપત્રક માંગવામાં આવે છે.

| અનુ | કામનું નામ | (૧) અંદાજીત રકમ (૨) શ્રેણી (૩) ઈ.એમ.ડી. |
|---|---|---|
| ૧. | એન્યુઅલ મેન્ટેનન્સ એન્ડ રીપેર્સ ટુ જીએમબી સ્ટાફ ક્વાટર્સ એન્ડ ઓફીસ બિલ્ડીંગ એટ ગાંધીનગર | (૧) રૂ. ૧૩૦૧૦૭૫.૧૦ (૨) ઈ-૨ અને ઉપર (૩) રૂ. ૧૩૧૦૦.૦૦ |

ટેન્ડર ડોક્યુમેન્ટ તા. ૨૮/૮/૨૦૧૪થી વેબસાઈટ www.gmbnprocure.com પરથી ઉપલબ્ધ થશે. ઓનલાઈન સબમીશનની છેવટની તા. ૧૩/૯/૨૦૧૪, ૧૮.૦૦ કલાક સુધી. વધુ વિગત માટે પ્રસ્તુત વેબસાઈટ પર સંપર્ક કરવા વિનંતી. ટેન્ડર ફી રૂ. ૯૦૦/-, વધુ વિગતો તથા શરતો માટે ઉપરોક્ત કચેરીનો રૂબરૂ સંપર્ક સાધવા અથવા www.gmbports.org વેબસાઈટ અચૂક જોવા વિનંતી

માહિતી/૧૦૪૭/૧૪-૧૫